**રક્ષાબંધનના પાવન પર્વે રાજયપાલશ્રીની શુભકામનાઓ તા. ૨૫/૮/૨૦૧૮, રાજભવન, ગાંધીનગર.**

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ. પી. કોહલીએ રક્ષાબંધનના પવિત્ર પર્વના અવસરે રાજયના તમામ નાગરિકોને હાર્દિક શુભકામનાઓ પાઠવી છે.રાજયપાલશ્રીએ તેમના શુભ સંદેશમાં જણાવ્યું છે કે રક્ષાબંધન પર્વ ભાઈ–બહેનના પવિત્ર અને નિર્મળ સ્નેહ બંધનનું દ્યોતક છે. આ સાંસ્કૃતિક પર્વ સમાજમાં શાંતિ, સદ્‌ભાવ અને પરસ્પર સંબંધ સેતુને વધુ મજબૂત બનાવશે.